# ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદનો સને ૨૦૧૫-૧૬ ના અનુદાન (ગ્રાન્ટ) ફંડનો ઓડિટ અહેવાલ

-------------------------

જિલ્લા સહાયક નિરીક્ષકની કચેરી,
સ્થાનિક ભંડોળ હિસાબ,
અમદાવાદ.

ગુજરાત યુનિવર્સિટી
અમદાવાદ.
તા.૨૮/૦૨/૨૦૨૪

# ચર્ચા પત્ર

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદનું સને ૨૦૧૫-૧૬નું ઓડિટ તા.૨૦/૭/૨૦૧૯ થી તા.૧૯/૧૨/૨૦૧૯ દરમ્યાન હાથ ધરવામાં આવેલ, જેનાં અગત્યના પ્રાથમિક વાંધાઓની ચર્ચા યુનિવર્સિટીના પદાધિકારીશ્રી અને અધિકારીશ્રી સાથે આજ રોજ **તા.૨૮/૦૨/૨૦૨૪**ના રોજ કરવામાં આવી.

રજિસ્ટ્રાર
ગુજરાત યુનિવર્સિટી
જિ-અમદાવાદ

કુલપતિ
ગુજરાત યુનિવર્સિટી
જિ-અમદાવાદ

સંયુક્ત નિરીક્ષક
નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ
હિસાબની કચેરી,
ગાંધીનગર

<u>અનુક્રમણિકા</u>


| અ.નં. | ફકરા નં. | વિગત | પાના નં. |
|---|---|---|---|
| ૧ | - | હોદ્દેદારોશ્રીની વિગત | ૧ |
| ૨ | - | સને ૨૦૧૫-૧૬ અગાઉના વર્ષોના ગ્રાન્ટ ફંડના બાકી ઓડિટ ફકરાઓ બાબત | ૨ |
| ૩ | ૧ | શિષ્યવૃતિના નાણા સમયસર વિધાર્થીઓને નહીં ચુકવવા બાબત | ૬ |
| ૪ | ૨ | રેકટીફીકેશન એન્ડ એક્સપાન્શન વર્ક ઓફ ફોરેન્સીક ડિપાર્ટમેન્ટના બિલ્ડીંગના કામમાં જણાયેલ અનિયમિતતા | ૭ |
| ૫ | ૩ | રેકટીફીકેશન એન્ડ એક્સપાન્શન વર્ક ઓફ સાયકોલોજી ડિપાર્ટમેન્ટના બિલ્ડીંગના કામમાં જણાયેલ અનિયમિતતા | ૯ |
| ૬ | ૪ | ગ્રાન્ટના હિસાબો સરભર ન કરવા બાબત | ૧૨ |
| ૭ | ૫ | યુ.જી.સી સેપ પ્રોગ્રામ અન્વયે Equipment Grant હેઠળ ખરીદીની ફાઈલો અંગેનુ રેકર્ડ રજુ ન કરવા બાબત | ૧૩ |
| ૮ | ૬ | ગ્રાન્ટ સિલકો ઉધાર અને જમા રહેવા બાબત | ૧૫ |
| ૯ | - | પ્રમાણપત્ર અને ઉપસંહાર | ૧૮ |
| ૧૦ | - | પત્રક (૧ થી ૪) | ૧૯ થી ૨૧ |

# ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને- ૨૦૧૫-૧૬નાં વર્ષનો અનુદાન(ગ્રાન્ટ) ફંડ નો ઓડિટ અહેવાલ

==========================================================

નં.એલ/એએમડી/ગુ.યુ.અ.ફં.ઓ.અ.૨૦૧૫-૧૬/૨૦૨૪/ ૪૯૪

જિલ્લા સહાયક નિરીક્ષકશ્રીની કચેરી,
સ્થાનિક ભંડોળ હિસાબ,
પ્રથમ માળ, બ્લોક-એ,
બહુમાળી ભવન-૨, વસ્ત્રાપુર,
અમદાવાદ-૩૮૦૦૧૫
તા.૨૧/૦૫/૨૦૨૪

GUJARAT UNIVERSITY
INWARD DEPARTMENT
28 MAY 2024

159260106975

**પ્રેષક :-**

નિરીક્ષકશ્રી,
સ્થાનિક ભંડોળ હિસાબ વિભાગ,
બ્લોક નં.૧૭/૨, વિમા અને લેખા ભવન,
ડો.જે એમ મહેતા ભવન, ગાંધીનગર.

**પ્રતિ,**

કુલ સચિવશ્રી,
ગુજરાત યુનિવર્સિટી,
અમદાવાદ-૩૮૦૦૦૯

**મહાશય,**

ગુજરાત યુનિવર્સિટી અધિનિયમ-૧૯૪૯ ની કલમ-૪૯ અન્વયેની જોગવાઈ અનુસાર ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના સને-૨૦૧૫-૧૬ના અનુદાન(ગ્રાન્ટ)ફંડના હિસાબોની તપાસણી તા.૨૦/૦૭/૨૦૧૯ થી તા.૧૩/૦૮/૨૦૧૯ દરમ્યાન હાથ ધરવામાં આવેલ. જેની સંબંધિત પદાધિકારીશ્રી અને અધિકારીશ્રી સાથે ચર્ચા તા.૨૮/૦૨/૨૦૨૪ ના રોજ કરવામાં આવેલ.

તપાસણી વર્ષ દરમ્યાન સંસ્થાના મુખ્ય હોદ્દેદારો નીચે મુજબ હતા.

| ક્રમ | નામ | સમયગાળો |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| | **કુલપતિશ્રી** | |
| ૧ | ડૉ. એમ એન પટેલ | તા.૦૧/૦૪/૨૦૧૫ થી તા.૩૧/૦૩/૨૦૧૬ |
| | **કુલ સચિવશ્રી** | |
| ૧ | ડૉ.એચ સી પટેલ | તા.૦૧/૦૪/૨૦૧૫ થી તા.૦૯/૦૩/૨૦૧૬ |
| ૨ | ડૉ.એન કે જૈન (કા.કુલ સચિવશ્રી) | તા.૧૦/૦૩/૨૦૧૫ થી તા.૩૧/૦૩/૨૦૧૬ |
| | **કા. મુખ્ય હિસાબી અધિકારીશ્રી** | |
| ૧ | શ્રી પી એમ પટેલ | તા.૦૧/૦૪/૨૦૧૫ થી તા.૩૧/૦૩/૨૦૧૬ |

====================================================

## સને ૨૦૧૫-૧૬ અગાઉના વર્ષોના અનુદાન ફંડના બાકી ઓડિટ ફકરાઓ બાબત

====================================================

| ક્રમ | ઓડિટ વર્ષ | ઓડિટની શરૂઆત માં બાકી ફકરાઓ ની સંખ્યા | ઓડિટ દરમ્યાન નિકાલ થયેલફકરા ઓની સંખ્યા | ઓડિટ ના અંતે બાકી ફકરાઓ ની સંખ્યા | બાકી ફકરાઓની વિગત |
|---|---|---|---|---|---|
| ૦૧ | ૦૨ | ૦૩ | ૦૪ | ૦૫ | ૦૬ |
| ૧ | ૧૯૭૦-૭૧ | ૧ | ૦ | ૧ | ૮(૪) |
| ૨ | ૧૯૭૧-૭૨ | ૪ | ૦ | ૪ | ૧૦ થી ૧૨,૧૪ |
| ૩ | ૧૯૭૨-૭૩ | ૫ | ૦ | ૫ | ૩(ડી), ૮(એ), ૧૫(સી), ૧૯(સી), ૨૫ |
| ૪ | ૧૯૭૩-૭૪ | ૫ | ૦ | ૫ | ૫(બી), ૯(એ)(બી), ૧૪, ૧૭(૨), ૧૯ |
| ૫ | ૧૯૭૪-૭૫ | ૮ | ૦ | ૮ | ૪(એસ)(આઇ), ૭-(બી)(સી), ૮-બી, ૧૩ થી ૧૫, ૨૧, ૨૩ |
| ૬ | ૧૯૭૫-૭૬ | ૩ | ૦ | ૩ | ૬(૧)(૨)(૪), ૧૦(એ)(બી), ૧૨ |
| ૭ | ૧૯૭૬-૭૭ | ૮ | ૦ | ૮ | ૩(૪), ૪(૪), ૫(૨), ૬(૨ થી ૧૨), ૧૬, ૧૭(૨થી ૬), ૧૮, ૨૦(૮) |
| ૮ | ૧૯૭૭-૭૮ | ૨૧ | ૦ | ૨૧ | ૪, ૫, ૭(૧)(૩)(૪), ૯ થી ૧૪, ૧૬ થી ૧૯, ૨૧, ૨૩, ૨૪, ૨૭(બી), ૨૮(એ)(બી), ૨૯ થી ૩૧ |
| ૯ | ૧૯૭૮-૭૯ | ૧૩ | ૦ | ૧૩ | ૩(એ), ૬, ૭(૧)(૨), ૮, ૧૧, ૧૨(૨), ૧૩(૧), ૧૪, ૧૫(અ)(૧)(૨), ૨૧(૨), ૨૭, ૨૯, ૩૦ |
| ૧૦ | ૧૯૭૯-૮૦ | ૧૫ | ૦ | ૧૫ | ૩ થી ૮, ૯(૬), ૧૦, ૧૧(૬), ૧૨થી ૧૭ |
| ૧૧ | ૧૯૮૦-૮૧ | ૧૪ | ૦ | ૧૪ | ૩ થી ૫, ૮, ૯, ૧૧ થી ૧૯ |
| ૧૨ | ૧૯૮૧-૮૨ | ૨૩ | ૦ | ૨૩ | ૨(એ), ૩, ૫ થી ૨૫ |
| ૧૩ | ૧૯૮૨-૮૩ | ૧૯ | ૦ | ૧૯ | ૧ થી ૧૯ |
| ૧૪ | ૧૯૮૩-૮૪ | ૩૧ | ૦ | ૩૧ | ૧ થી ૩૧ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૫ | ૧૯૮૪-૮૫ | ૩૩ | ૦ | ૩૩ | ૧ થી ૩૩ |
| ૧૬ | ૧૯૮૫-૮૬ | ૩૫ | ૦ | ૩૫ | ૧ થી ૩૫ |
| ૧૭ | ૧૯૮૬-૮૭ | ૩૨ | ૦ | ૩૨ | ૧ થી ૩૨ |
| ૧૮ | ૧૯૮૭-૮૮ | ૪૫ | ૦ | ૪૫ | ૧, ૨(૧થી૩,૫,૬), ૩ થી ૮, ૯(૨થી૫), ૧૦ થી ૧૭, ૧૮(૧થી૪, ૫(એ)(બી)), ૧૯ થી ૩૨, ૩૩(૧થી૭), ૩૪(૧,૩થી૬), ૩૫ થી ૪૪, ૪૫(૨થી૪) |
| ૧૯ | ૧૯૮૮-૮૯ | ૫૬ | ૦ | ૫૬ | ૧ થી ૬, ૭(૧થી૬,૮થી૧૦), ૮ થી ૧૨, ૧૩ થી ૪૫, ૪૭ થી ૫૦(એ), ૫૧ થી ૫૭ |
| ૨૦ | ૧૯૮૯-૯૦ | ૪૮ | ૦ | ૪૮ | ૧ થી ૪૮ |
| ૨૧ | ૧૯૯૦-૯૧ | ૬૧ | ૦ | ૬૧ | ૧ થી ૬૧ |
| ૨૨ | ૧૯૯૧-૯૨ | ૨૨ | ૦ | ૨૨ | ૧ થી ૨૨ |
| ૨૩ | ૧૯૯૨-૯૩ | ૩૧ | ૦ | ૩૧ | ૧ થી ૩૧ |
| ૨૪ | ૧૯૯૩-૯૪ | ૩૩ | ૦ | ૩૩ | ૧ થી ૩૩ |
| ૨૫ | ૧૯૯૪-૯૫ | ૪૧ | ૦ | ૪૧ | ૧ થી ૪૧ |
| ૨૬ | ૧૯૯૫-૯૬ | ૨૩ | ૦ | ૨૩ | ૧ થી ૨૩ |
| ૨૭ | ૧૯૯૬-૯૭ | ૩૬ | ૦ | ૩૬ | ૧ થી ૩૬ |
| ૨૮ | ૧૯૯૭-૯૮ | ૧૭ | ૦ | ૧૭ | ૧ થી ૧૭ |
| ૨૯ | ૧૯૯૮-૯૯ | ૨૦ | ૦ | ૨૦ | ૧ થી ૨૦ |
| ૩૦ | ૧૯૯૯-૦૦ | ૨૧ | ૦ | ૨૧ | ૧ થી ૨૧ |
| ૩૧ | ૨૦૦૦-૦૧ | ૨૨ | ૦ | ૨૨ | ૧ થી ૨૨ |
| ૩૨ | ૨૦૦૧-૦૨ | ૩૦ | ૦ | ૩૦ | ૧ થી ૩૦ |
| ૩૩ | ૨૦૦૨-૦૩ | ૧૯ | ૦ | ૧૯ | ૧ થી ૧૯ |
| ૩૪ | ૨૦૦૩-૦૪ | ૧૪ | ૦ | ૧૪ | ૧ થી ૧૪ |
| ૩૫ | ૨૦૦૪-૦૫ | ૧૯ | ૦ | ૧૯ | ૧ થી ૧૯ |
| ૩૬ | ૨૦૦૫-૦૬ | ૧૦ | ૦ | ૧૦ | ૧ થી ૧૦ |
| ૩૭ | ૨૦૦૬-૦૭ | ૪ | ૦ | ૪ | ૩ થી ૬ |
| ૩૮ | ૨૦૦૭-૦૮ | ૭ | ૦ | ૭ | ૩ થી ૯ |
| ૩૯ | ૨૦૦૬-૧૨ (૩૧-૦૭-૧૨) | - | ૦ | - | ૧ થી ૦૯ યુનિવર્સિટી પોલીસ સ્ટેશન ઈન્કવાયરી કેસ નંબર ૧/૧૨ અનુસંધાને કરેલ ઓડિટ (જનરલ ફંડ) |
| ૪૦ | ૨૦૦૮-૦૯ | ૭ | ૦ | ૭ | ૩ થી ૯ |
| ૪૧ | ૨૦૦૯-૧૦ | ૬ | ૦ | ૬ | ૩ થી ૮ |
| ૪૨ | ૨૦૧૦-૧૧ | ૧૦ | ૦ | ૧૦ | ૩ થી ૧૨ |
| ૪૩ | ૨૦૧૧-૧૨ | ૯ | ૦ | ૯ | ૩ થી ૧૧ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૪૪ | ૨૦૧૨-૧૩ | ૧૦ | ૦ | ૧૦ | ૩ થી ૧૨ |
| ૪૫ | ૨૦૧૩-૧૪ | ૬ | ૦ | ૬ | ૩ થી ૮ |
| ૪૬ | ૨૦૧૪-૧૫ | ૮ | ૦ | ૮ | ૩ થી ૧૦ |
| | **કુલ** | **૯૦૫** | ૦ | **૯૦૫** | |

ઓડિટ વર્ષ ૨૦૧૫-૧૬ના અંતે ૯૦૫ ફકરા બાકીમાં હતાં. ચાલુ ઓડિટ દરમ્યાન અગાઉના બાકી ફકરાઓના જવાબો રજુ થયેલ ન હોવાથી ઉપરોકત વિગતે ઓડિટ વર્ષના અંતે ૯૦૫ ફકરાઓના જવાબો કરવાના બાકીમાં છે. પ્રત્યેક ઓડિટ અહેવાલમાં પેરા નિકાલ નહીં કરવા બાબતની અનિયમિતતાનું પુનરાવર્તન થતુ રહે છે. ઓડિટે નિર્દેશ કરેલ અનિયમિતતાઓ અટકાવવા સંસ્થાના જવાબદારોએ રૂચી દાખવેલ નથી. જેથી જવાબદારી નક્કી કરી, બાકી ફકરાઓની પુર્તતા સારૂ સઘન આયોજન સહ પારા નિકાલની કાર્યવાહી માટે ઘનિષ્ઠ પ્રયાસ કરવો ઘટે.

વધુમાં, ગુજરાત સ્થાનિક ફંડ ઓડિટ અધિનિયમ,૧૯૬૩ ની કલમ નંબર – ૯(૧) મુજબ રીપોર્ટ મળ્યા તારીખથી ચાર મહિનાની અંદર પ્રથમ વખતના જવાબ રજુ કરવાના રહે છે. આમ છતાં વર્ષ – ૧૯૭૦-૭૧ થી ૨૦૧૪-૧૫ સુધીના પ્રથમવારના જવાબો પણ ના કરવા સબબ સ્પષ્ટતા કરી, બાકી ફકરાઓના જવાબો કરવા સમયબધ્ધ આયોજન કરી, તમામ ફકરાઓના જવાબો કરવા ઓડિટ અનુરોધ છે.

સને ૧૯૬૩ ની ગુજરાત લોકલ ફંડ ઓડિટ એકટની કલમ-૮ હેઠળની અનિયમિતતાઓ :-

| ક્રમ | કલમ | ફકરા નંબર |
|---|---|---|
| (૧) | કલમ - ૮(ક) | - |
| (૨) | કલમ - ૮(ખ) | - |
| (૩) | કલમ - ૮(ગ) | - |
| (૪) | કલમ - ૮(ઘ) | ૧ થી ૬ |

**નોંધ :** ૮ (ક) કાયદા (નિયમ) વિરુધ્ધની ચુકવણીઓ

૮(ખ) અત્યંત બેકાળજી અથવા ગેરવર્તણુંકનાં કારણે થયેલ નુકશાન / ઘટ.

૮(ગ) કપટ, ઉચાપત વગેરેને કારણે નુકશાન.

૮(ઘ) બીજી મહત્વની અનિયમિતતાઓ અથવા પરચુરણ બાબતોનો સમાવેશ થાય છે.

ફકરા નં-૧

==================================================================

## શિષ્યવૃત્તિના નાણા સમયસર વિધાર્થીઓને નહીં ચુકવવા બાબત

==================================================================

ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદના સને ૨૦૧૫-૧૬ના ઓડિટ દરમિયાન અનુદાન હિસાબોની તપાસણી દરમ્યાન રજુ થયેલ રેકર્ડનુ અવલોકન કરતાં આ સાથે સામેલ પત્રકમાં દર્શાવ્યા મુજબની વિવિધ પ્રકારની શિષ્યવૃતિ સંબધિત વિધાર્થીઓ/ફેક્લ્ટીને ચુકવ્યા વિનાની જમા પડી રહી હોવાનુ ઓડિટના ધ્યાને આવેલ હતુ. ઓડિટ વર્ષ ૨૦૧૫-૧૬ શિષ્યવૃતિની આવક/ખર્ચ ની સ્થિતિ નીચે મુજબ હતી.

| ક્રમ | આવક/ખર્ચની ટુંકી વિગત | રકમ |
|---|---|---|
| ૧ | તા.૦૧/૦૪/૨૦૧૫ની ઉઘડતી સિલક (ગ્રાન્ટ રજીસ્ટર મુજબ) | ૪૭,૫૯,૯૭૫.૦૦ |
| ૨ | ઓડિટ વર્ષ ૨૦૧૫-૧૬ દરમિયાન આવક | ૧,૧૦,૪૦,૭૨૫.૦૦ |
| ૩ | **કુલ રકમ (૧+૨)** | **૧,૫૮,૦૦,૭૦૦.૦૦** |
| ૪ | ઓડિટ વર્ષ ૨૦૧૫-૧૬ દરમિયાન ખર્ચ | ૧,૧૩,૦૫,૯૩૦.૦૦ |
| ૫ | સરકારશ્રીમાં પરત કરેલ રકમ | ૫,૨૮,૯૯૮.૦૦ |
| ૬ | **તા.૩૧/૦૩/૨૦૧૬ ના રોજ બંધ સિલક (૩-૪-૫)** | **૩૯,૬૫,૭૭૨.૦૦** |

આ બાબતે નીચે મુજબ ઓડિટ નોંધ આપવામાં આવે છે.

(૧) ઉપરોક્ત વિગત અનુસાર તા ૦૧/૦૪/૨૦૧૫ ના રોજ રૂ.૪૭,૫૯,૯૭૫/- જેટલી માતબર શિષ્યવૃતિ અગાઉના વર્ષની વણચુકવાયેલ રહેવા પામેલ હતી. શિષ્યવૃતિ રજિસ્ટરની ચકાસણી કરતા વર્ષના અંતે બાકી શિષ્યવૃતિની તારીજ બનાવેલ ન હતી. જેથી ઉકત શિષ્યવૃતિ કેટલા સમયથી ચુકવાયેલ નથી તે જાણી શકાયેલ નથી. સદરહુ શિષ્યવૃતિ કયા કયા વિધાર્થીઓને, કેટલા વર્ષથી અને કયા કારણોસર ચુકવવામાં આવેલ નથી. તેની આધારસહ ખાત્રી કરાવેલ નથી.

(૨) સરકારશ્રીના પ્રવર્તમાન ધારાધોરણ મુજબ પ્રત્યેક નાણાકીય વર્ષના અંતે સરકારશ્રીએ ફાળવેલ ગ્રાન્ટ રકમ બચત રહેવાના પ્રસંગોએ નિયત પધ્ધતિથી સરકારશ્રીના નિયત સદરે પરત/જમા કરવાની રહે. ઉપરોકત કોલમ નં-૬ મુજબ રૂ.૩૯,૬૫,૭૭૨/- શિષ્યવૃતિની રકમ બચત રહેલ છે. જે કયા કારણોસર ચૂકવેલ નથી કે નિયત સદરે પરત/જમા કરાવેલ નથી. તેની સ્પષ્ટતા કરવામાં આવેલ નથી.

(૩) સંસ્થાને સને ૨૦૧૫-૧૬ દરમ્યાન જમા થયેલ શિષ્યવૃતિના નાણા પૈકી સને ૨૦૧૫-૧૬ ના રૂ.૨,૯૬,૨૭૦/- ચૂકવવાની બાકીમાં જણાયેલ છે. શિષ્યવૃતિનો લાભ સમયસર નાણાકીય વર્ષમાં વિધાર્થીઓને ચૂકવાયેલ નથી.

**-સંસ્થાએ પ્રાથમિક વાંધા નં.૦૮ ના જવાબમાં જણાવેલ છે કે માર્ચ મહિનામાં ભવનમાંથી આવતા બીલફોર્મ નોંધી ઓડિટ થઈને આવતા સુધીમાં નાણાકીય વર્ષ બદલાઇ જતુ હોય છે ઉપરાંત સરકારશ્રીમાંથી ગ્રાન્ટ આવવામાં વિલંબ થતો હોવાથી ઘણીવાર વિધાર્થીઓનો અભ્યાસ પુરો થઈ ગયેલ હોય છે. જે પ્રાથમિક વાંધા સાથે સુસંગત ન હોઇ ગ્રાહ્ય રાખવામાં આવેલ નથી.**

ફકરા નં-૨

==============================================================

## રેકટીફીકેશન એન્ડ એક્સપાન્શન વર્ક ઓફ ફોરેન્સીક ડિપાર્ટમેન્ટના બિલ્ડીંગના કામમાં જણાયેલ અનિયમિતતા બાબત

==============================================================

| ક્રમ | | વિગત |
|---|---|---|
| ૧ | ઈજારદારનુ નામ | કે.બી.બીલ્ડર્સ |
| ૨ | એગ્રીમેન્ટ નંબર | એએન/ |
| ૩ | અંદાજિત રકમ | ૬૯,૩૩,૦૦૦.૦૦ |
| ૪ | તાંત્રિક મંજુરી નંબર/તારીખ | નં-૬/એસ્ટેટ/બાંધકામ/૧૧૦૮/૨૦૧૪/ તા ૧૧/૦૮/૨૦૧૪ |
| ૫ | વહીવટી મંજુરી નંબર /તારીખ | નં-૨૪ તા ૨૨/૦૮/૨૦૧૪ |
| ૬ | ટેન્ડર ખુલ્યા તારીખ | ૨૯/૦૧/૨૦૧૫ |
| ૭ | ટેન્ડર બંધ થયા તારીખ | ૨૩/૦૨/૨૦૧૫ |
| ૮ | મળેલ ટેન્ડર સંખ્યા | ૪ |
| ૯ | વર્ક ઓર્ડર નં- આપ્યા તારીખ | No/estate/rectification/forensic/81/ 2015, Date : 06/04/2015 |
| ૧૦ | સિક્યોરીટી ડિપોઝીટની રકમ (પ્રકાર) | બેંક ગેરંટી ૫% તથા ૫% બીલે થી |
| ૧૧ | ટેન્ડરની રકમ | ૬૦,૪૭,૪૮૯.૦૦ |
| ૧૨ | કામ શરૂ કરવાની તારીખ | ૦૬/૦૪/૨૦૧૫ |
| ૧૩ | કામનીમુદત | ૯ માસ |
| ૧૪ | કામ પૂર્ણતાની નક્કી કરેલ તારીખ | ૦૫/૦૧/૨૦૧૬ |
| ૧૫ | કામ પૂર્ણ થયા તારીખ | ૨૨/૦૨/૨૦૧૬ |
| ૧૬ | મુદત વધારો | ---- |
| ૧૭ | કામ પૂર્ણતા રકમ પ્રમાણપત્રની તારીખ | ૬૦,૪૭,૬૧૯. તા-૧૫/૦૩/૨૦૧૬ |
| ૧૮ | આખરીમાપ લીધા તારીખ | એમ.બી રજુ કરેલ નથી. |
| ૧૯ | આખરી બીલની રકમ | ૬,૧૫,૬૯૩.૦૦ |
| ૨૦ | કરેલ ખર્ચની કુલ રકમ | ૬૦,૪૭,૪૮૯.૦૦ |
| ૨૧ | કામમાંથયેલ એક્ષેસ /સેવીંગની રકમ | દર્શાવેલ નથી |
| ૨૨ | વિલંબ વળતર માંડવાળની વિગતો | ૪૭ દિવસ |
| ૨૩ | ખર્ચનું સદર | કે.સી.જી ગ્રાન્ટ |

સદર કામ બાબતે નીચે મુજબ ઓડિટ નોંધ આપવામાં આવે છે.

૧) ગુજરાત બાંધકામ નિયમ સંગ્રહ ભાગ-૧ ના ફકરા-૨૦૦ તથા માર્ગ અને મકાન વિભાગના શેરા ક્રમાંક ટી.એન.સી/૧૦૨૦૦૦/યુઓ મુજબ રૂ.૨૦.૦૦ લાખ કે તેથી વધુ રકમના કામોની પ્રસિધ્ધી બહોળા પ્રચાર હેતુ જિલ્લાના મુખ્ય સ્તરેથી એક દૈનિક વર્તમાનપત્રોમાં ઉપરાંત અમદાવાદથી પ્રસિધ્ધ થતા બે દૈનિક પૈકી એક અંગ્રેજી વર્તમાન પત્રમાં જાહેરાત આપવાની જોગવાઇ થયેલ છે, સંસ્થા દ્વારા દિવ્ય ભાસ્કર ન્યુઝ પેપરમાં(તા.૦૫/૦૧/૨૦૧૫) જાહેરાત આપવામાં આવેલ છે.

(૨) સંસ્થા દ્વારા થયેલ ટેન્ડર પ્રક્રિયા અંગેની ફાઇલ ઓડિટ અર્થે રજુ કરેલ ન હતી. જેથી થયેલ ટેન્ડર પ્રક્રિયાની ચકાસણી થઇ શકેલ નથી.

(૩) માર્ગ અને મકાન વિભાગનાં તા.૩૧/૧૨/૨૦૦૯ નાં પરિપત્ર નં પરચ/૧૦૨૦૦૦૭/૨૮/સ, ની જોગવાઇ અનુસાર કામમાં વપરાતા માલસામાનનાં કરવાપાત્ર પરિક્ષણોમાં ૮૦% પરિક્ષણો કામની સાઇટ ઉપર ફિલ્ડ લેબોરેટરીમાં, ૧૦% પરિક્ષણો "ગેરી" લેબોરેટરીમાં તથા ૧૦% સરકાર માન્ય ખાનગી પ્રયોગશાળામાં કરાવવાના થાય છે. તે મુજબના પરીક્ષણ કર્યાના કોઇ પરીક્ષણ અહેવાલો રેકર્ડ ઉપર જણાયેલ નથી. જેથી કામમાં વપરાતા માલસામાનની ગુણવતા બાબતે કોઇ ચકાસણી થઈ શકેલ નથી.

(૪) માર્ગ અને મકાન વિભાગના પત્ર ક્રમાંક : ટીએનસી/૧૦૮૮/આઇબી/૨૨૦/૧૮૫/સ, તા.૦૬/૦૪/૧૯૯૮ (સંદર્ભ પરિપત્ર : ૧૭/૧૨/૧૯૯૮ અને ૩૧/૦૮/૧૯૯૧) મુજબ સિમેન્ટ ઈજારદાર દ્વારા વપરાશ માટે લેવામાં આવે તે આઇ.એસ.આઇ. પ્રમાણિત તથા મુળ ઉત્પાદક કંપનીમાંથી સીધી રીતે મેળવવાની રહે છે. પરંતુ સદર કામ બાબતે ઈજારદાર દ્વાર સિમેન્ટની ખરીદી કર્યા અંગેના બિલો સામેલ રાખેલ નથી તથા સિમેન્ટ વપરાશ રજિસ્ટર નિભાવવાનુ હોય છે. જે વર્ક ફાઈલે સિમેન્ટ રજિસ્ટર નિભાવ્યાના કોઇ આધારો સામેલ ન હોઇ ખરેખર સદર કામમાં વપરાશ થયેલ સિમેન્ટનો જથ્થાની ઓડિટને ખાત્રી થતી નથી.

(૫) ગુજરાત જાહેર બાંધકામ નિયમ સંગ્રહ પુસ્તક-૧ ના ફકરા નં-૨૫૫ મુજબ કોન્ટ્રાક્ટરશ્રી દ્વારા હાથ ધરતા કામોનો પ્રગતી અહેવાલ સમયાંતરે આપવાનો રહે છે. જે ફાઇલે સામેલ ન હતા.

(૬) ફાઇનલ બિલના ચુકવણા સમયે સિમેન્ટ તથા અન્ય માલ સામાન વપરાશના પ્રમાણપત્ર રજુ કરેલ નથી તથા એકસેસ/સેવીંગ પ્રમાણપત્ર સામેલ રાખેલ નથી.

(૭) સંસ્થા દ્વારા મિલકત રજીસ્ટર તેમજ વર્ક રજીસ્ટર નિભાવેલ નથી.

(૮) ગુજરાત જાહેર બાંધકામ નિયમ સંગ્રહના પેરાન ૧૫(૫)(૪) મુજબ અને માર્ગ અને મકાન વિભાગના પરીપત્ર : ક્રમાંક પીડબલ્યુ/ગુ.નિ.નોંધ /૨૫૦(૧)/સ તા ૨૭/૦૮/૨૦૦૨ મુજબ રેકોર્ડ ઓફ ચેક મેજરમેન્ટ રાખવાની જોગવાઇ થયેલ છે. સંસ્થા દ્વારા માપપોથી રજૂ કરેલ ન હોઇ તે બાબતની કોઇ ચકાસણી થઈ શકેલ નથી.

(૯) સદર કામ પૂર્ણતાની નક્કી કરેલ તા.૦૫/૦૧/૨૦૧૬ હતી. જ્યારે ખરેખર કામ પૂર્ણ થયા તા.૨૨/૦૨/૨૦૧૬ ના રોજ થયેલ છે. આમ કુલ ૪૭ દિવસ કામ વિલંબથી પૂર્ણ થયેલ છે. સંસ્થા દ્વારા વિલંબ વળતર માંડવાળ કરેલ છે કે કેમ તેની વિગતો ઓડિટ સમક્ષ રજૂ કરેલ નથી.

(૧૦) નિયમોનુસાર ટેન્ડર ફી, સ્ટેમ્પ ડયુટી તેમજ લેબર શેષની વસુલાત કરેલ નથી.

**-સંસ્થાએ પ્રાથમિક વાંધા નં. ૧૩નો જવાબ રજુ કરેલ નથી.**

**વાંધાપાત્ર રકમ : ૬૦,૪૭,૪૮૯.૦૦**

**વસુલાત પાત્ર રકમ:૬૦,૪૭૮ (ટેસ્ટીંગ ફી)**

**લેબર શેષ : ૬૦,૪૭૮**

**વિલંબ વળતર : ૬૦,૪૭૮**

ફકરા નં-૩

==================================================

**રેકટીફીકેશન એન્ડ એક્સપાન્શન વર્ક ઓફ સાયકોલોજી ડિપાર્ટમેન્ટના બિલ્ડીંગના કામમાં જણાયેલ અનિયમિતતા**

==================================================

| ક્રમ | વિગત | |
|---|---|---|
| ૧ | ઈજારદારનુ નામ | કે.બી.બીલ્ડર્સ |
| ૨ | એગ્રીમેન્ટ નંબર | એએન ૭૬૩૮૪૦ તા ૦૭/૧૦/૨૦૧૫ |
| ૩ | અંદાજિત રકમ | ૫૭,૦૦,૦૦૦/- |
| ૪ | તાંત્રિક મંજુરી નંબર/તારીખ | નં-૬/એસ્ટેટ/બાંધકામ/૧૧૦૮/૨૦૧૪/તા ૧૧/૦૮/૨૦૧૪ |
| ૫ | વહીવટી મંજુરી નંબર /તારીખ | નં-૨૪ તા ૨૨/૦૮/૨૦૧૪ |
| ૬ | ટેન્ડર ખુલ્યા તારીખ | - |
| ૭ | ટેન્ડર બંધ થયા તારીખ | તા ૧૩/૦૪/૨૦૧૫ |
| ૮ | મળેલ ટેન્ડર સંખ્યા | ૨ |
| ૯ | વર્ક ઓર્ડર નં- આપ્યા તારીખ | No/estate/rectification/phychology/gu/55240/2015 Date : 21-05-2015 |
| ૧૦ | સિક્યોરીટી ડિપોઝીટની રકમ (પ્રકાર) | ૫% બીલે થી ૫% બેંક ગેરંટી |
| ૧૧ | ટેન્ડરની રકમ | ૫૧,૨૫,૦૦૧/- |
| ૧૨ | કામ શરૂ કરવાની તારીખ | ૨૧/૦૫/૨૦૧૫ |
| ૧૩ | કામનીમુદત | ૧૨ માસ |
| ૧૪ | કામ પૂર્ણતાની નક્કી કરેલ તારીખ | ૨૦-૦૫-૨૦૧૬ |
| ૧૫ | કામ પૂર્ણ થયા તારીખ | ૨૨/૦૨/૨૦૧૬ |
| ૧૬ | મુદત વધારો | --- |
| ૧૭ | કામ પૂર્ણતા રકમ | ૩૪,૦૬,૨૯૧ |
| ૧૮ | આખરીમાપ લીધા તારીખ | એમ.બી રજુ કરેલ નથી |
| ૧૯ | આખરી બીલની રકમ /તારીખ | ૮,૨૬,૪૫૯.૦૦ તા ૩૧/૦૩/૨૦૧૫ |
| ૨૦ | કરેલ ખર્ચની કુલ રકમ | ૩૪,૮૧,૨૮૮ |
| ૨૧ | કામમાં થયેલ એક્ષેસ /સેવીંગની રકમ | --- |
| ૨૨ | વિલંબ વળતર માંડવાળની વિગતો | --- |
| ૨૩ | ખર્ચનું સદર | કે.સી.જી ગ્રાન્ટ |

સદર કામ બાબતે નીચે મુજબ ઓડિટ નોંધ આપવામાં આવે છે.

(૧) ગુજરાત બાંધકામ નિયમ સંગ્રહ ભાગ-૧ ના ફકરા-૨૦૦ તથા માર્ગ અને મકાન વિભાગના શેરા ક્રમાંક ટી.એન.સી/૧૦૨૦૦૦/યુઓ મુજબ રૂ.૨૦.૦૦ લાખ કે તેથી વધુ રકમના કામોની પ્રસિધ્ધી બહોળા પ્રચાર હેતુ જિલ્લાના મુખ્ય સ્તરેથી એક દૈનિક વર્તમાનપત્રોમાં ઉપરાંત અમદાવાદથી પ્રસિધ્ધ થતા બે દૈનિક પૈકી એક અંગ્રેજી વર્તમાન પત્રમાં જાહેરાત આપવાની જોગવાઇ થયેલ છે, સંસ્થા દ્વારા એક જ ન્યુઝ પેપરમાં જાહેરાત આપવામાં આવેલ છે.

(૨) સંસ્થા દ્વારા થયેલ ટેન્ડર પ્રકિયા અંગેની ફાઇલ ઓડિટ અર્થે રજુ કરેલ ન હતી. જેથી થયેલ ટેન્ડર પ્રકિયાની ચકાસણી થઇ શકેલ નથી.

(૩) ગુજરાત જાહેર બાંધકામ નિયમ સંગ્રહ પુસ્તક-૧ ના પેરા-૧૪(૫)(૪) મુજબ તથા માર્ગ અને મકાન વિભાગના પરિપત્ર ક્રમાંક : પી.ડબલ્યુ./ગુ.નિ.નોંધ/૨૫૦(૧)/સ.તા.૨૭/૦૮/૨૦૦૨ મુજબ રેકર્ડ ઓફ ચેક મેઝરમેન્ટ રાખવાની જોગવાઈ પ્રમાણે દરેક કચેરીએ નિયત કરેલ નમૂનામાં મેઝરમેન્ટ ચેકીંગ રજીસ્ટર નિભાવવાનો રહે છે તથા માર્ગ અને મકાન વિભાગના પરિપત્ર ક્રમાંક પી.ડબ્લ્યુ.એમ/૨૪૭૮/૯૫ અન્વયે સક્ષમ ઇજનેરશ્રી ઠરાવેલ કિંમતના કામોનુ વખતો વખત ૧૦% ચેકીંગ કરવાનુ હોય છે. જેની નોંધ રજીસ્ટરમાં કરવાની હોય છે. જે નિભાવેલ નથી

(૪) માર્ગ અને મકાન વિભાગનાં તા.૩૧/૧૨/૨૦૦૯ નાં પરિપત્ર નં પરચ/૧૦૨૦૦૦૭/૨૮/સ, ની જોગવાઇ અનુસાર કામમાં વપરાતા માલસામાનનાં કરવાપાત્ર પરિક્ષણોમાં ૮૦% પરિક્ષણો કામની સાઇટ ઉપર ફિલ્ડ લેબોરેટરીમાં, ૧૦% પરિક્ષણો "ગેરી" લેબોરેટરીમાં તથા ૧૦% સરકાર માન્ય ખાનગી પ્રયોગશાળામાં કરાવવાના થાય છે. તે મુજબના પરીક્ષણ કર્યાના કોઇ પરીક્ષણ અહેવાલો રેકર્ડ ઉપર જણાયેલ નથી. જેથી કામમાં વપરાતા માલસામાનની ગુણવતા બાબતે કોઇ ચકાસણી થઈ શકેલ નથી.

(૫) માર્ગ અને મકાન વિભાગના પત્ર ક્રમાંક : ટીએનસી/૧૦૮૮/આઇબી/૨૨૦/૧૮૫/સ, તા.૦૬/૦૪/૧૯૯૮ (સંદર્ભ પરિપત્ર : ૧૭/૧૨/૧૯૯૮ અને ૩૧/૦૮/૧૯૯૧) મુજબ સિમેન્ટ ઈજારદાર દ્વારા વપરાશ માટે લેવામાં આવે તે આઇ.એસ.આઇ. પ્રમાણિત તથા મુળ ઉત્પાદક કંપનીમાંથી સીધી રીતે મેળવવાની રહે છે. પરંતુ સદર કામ બાબતે ઈજારદાર દ્વાર સિમેન્ટની ખરીદી કર્યા અંગેના બિલો સામેલ રાખેલ નથી તથા સિમેન્ટ વપરાશ રજિસ્ટર નિભાવવાનુ હોય છે. જે વર્ક ફાઇલે સિમેન્ટ રજિસ્ટર નિભાવ્યાના કોઇ આધારો સામેલ ન હોઇ ખરેખર સદર કામમાં વપરાશ થયેલ સિમેન્ટનો જથ્થાની ઓડિટને ખાત્રી થયેલ નથી.

(૬) ગુજરાત જાહેર બાંધકામ નિયમ સંગ્રહ પુસ્તક-૧ ના ફકરા નં-૨૫૫ મુજબ કોન્ટ્રાકટરશ્રી દ્વારા હાથ ધરતા કામોનો પ્રગતી અહેવાલ સમયાંતરે આપવાનો રહે છે. જે ફાઇલે સામેલ ન હતા.

(૭) ફાઇનલ બિલના ચુકવણા સમયે સિમેન્ટ તથા અન્ય માલ સામાન વપરાશના પ્રમાણપત્ર રજુ કરેલ નથી તથા એકસેસ/સેવીંગ પ્રમાણપત્ર સામેલ રાખેલ નથી.

(૮) નિયમોનુસાર ટેન્ડર ફી તેમજ શ્રમ અને રોજગાર વિભાગના ઠરાવ નં.સી/ડબલ્યુ.એ/૧૩૨૦૧૩/૨૭૭૨૭/મ(૩), તા.૨૬/૦૯/૨૦૧૩ મુજબ કુલ ખર્ચના ૧% લેખે લેબર શેષ વસુલ કરી સરકારશ્રીમાં જમા કરાવવા ઠરાવેલ છે. તેમ છતા સંસ્થા દ્વારા ૧% લેખે રૂ.૩૪,૮૧૩ ની વસૂલાત કરેલ નથી.

(૯) સંસ્થા દ્વારા મિલકત રજીસ્ટર તેમજ વર્ક રજીસ્ટર નિભાવેલ નથી.

(૧૦) માર્ગ અને મકાન વિભાગના ઠરાવ નં.ટીએનસી/૧૦૮૫/૪/સી, તા.૨૦/૧૨/૧૯૯૧ અનુસાર બાંધાકામના કામોના ચૂકવણા બીલથી ટેસ્ટીંગ ચાર્જ વસૂલ કરવા જણાવવામાં આવેલ છે. તેમ છતા સંસ્થા દ્વારા ૧% લેખે રૂ.૩૪,૮૧૩ ની વસૂલાત કરેલ નથી.

**-સંસ્થાએ પ્રાથમિક વાંધા નં. ૧૨નો જવાબ રજુ કરેલ નથી.**

**વાંધાપાત્ર રકમ : ૩૪,૮૧,૨૮૮.૦૦**

**વસુલાત પાત્ર રકમ : ૩૪,૮૧૩.૦૦ (ટેસ્ટીંગ ફી)**

**લેબર શેષ : ૩૪,૮૧૩.૦૦**

ફકરા નં-૫

================================================

**યુ.જી.સી સેપ પ્રોગ્રામ અન્વયે Equipment Grant હેઠળ ખરીદીની ફાઈલો અંગેનુ રેકર્ડ રજુ ન કરવા બાબત**

================================================

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના કેમેસ્ટ્રી વિભાગમાં ચાલતા યુ.જી.સી. સેપ પ્રોગ્રામ અન્વયે Equipment Grant હેઠળ નીચે જણાવ્યા મુજબની ખરીદી કરવામાં આવેલ છે.

| ક્રમ | વા.નં. | તારીખ | રકમ (રૂ.) | ખરીદીની વિગત | સંસ્થાનું નામ |
|---|---|---|---|---|---|
| ૧ | ૫૧૪૪ | ૩૧/૧૦/૧૫ | ૭,૦૧,૭૭૫.૪૮ | SPECTROPHOTOMETER | JAXO |
| ૨ | ૫૧૪૫ | ૩૧/૧૦/૧૫ | ૩૭,૨૨,૦૦૦.૦૦ | BENCH TOP NMR | MAGRITECH |
| ૩ | ૫૧૪૬ | ૩૧/૧૦/૧૫ | ૧૫,૧૨,૧૧૮.૦૦ | SPECTROFLUROMETER | HARBAR INSTRU. |
| ૪ | ૫૧૪૭ | ૩૧/૧૦/૧૫ | ૨,૬૦,૮૮૬.૨૧ | NEW ROTATORY EVAPORATOR | INKARP PVT. LTD. |
| | | કુલ | ૬૧,૯૬,૭૭૯.૬૯ | | |

સંસ્થા દ્વારા ઉક્ત ખરીદી/પ્રોજેક્ટની ફાઈલ રજૂ ન કરતા નીચે મુજબની બાબતોની ચકાસણી શક્ય બનેલ નથી.

(૧) સંસ્થા દ્વારા ઉકત થયેલ ખરીદ પ્રકિયા અંગે થયેલ ટેન્ડરીંગ પ્રકિયા અંગેની ઓડિટને ખાત્રી થઇ શકેલ નથી.

(૨) ઉકત ખરીદીથી સંસ્થા દ્વારા કાયમી/હંગામી મિલકત ઉભી કરવામાં આવેલ છે. જેની નોંધ ડેડ સ્ટોક રજીસ્ટર/મિલ્કત રજેસ્ટરે નોંધ કરી છે કે કેમ તેની ઓડિટને ખાત્રી થયેલ નથી.

(૩) ઉકત ખરીદીનો હેતુ ઉકત મશીનની ઉપયોગીતા જેવી વિગતો જાણી શકાયેલ નથી.

(૪) સરકારશ્રીના ઉદ્યોગ, ખાણ અને વીજળી વિભાગના પરિપત્ર ક્રમાંક/પીએસી/૧૧૮૧/૧૨૨૧/ચ, તા. ૦૮/૧૧/૧૯૮૧ ની જોગવાઈ મુજબ જે ઉપકરણોની ખરીદી કરવાની હોય તે ઉપકરણ/આઇટમના સ્પેસિફિકેશનની પૂરી વિગતો દર્શાવી સ્પર્ધાત્મક ભાવો મેળવવાના રહે છે. સંસ્થા હસ્તકનાં વિદ્યાભવનોને કયા કયા ઉપકરણોની કઇ કઇ કંપનીઓના કયા કયા મોડેલનાં ઉપકરણોની કેટલી માત્રા/સંખ્યામાં આવશ્યકતા હતી માંગણા પત્રકો ફાઇલ રજુ થયેલ ન હોઇ ઉપરોકત નિયમોનુસાર ખરીદી કર્યાના વ્યાજબીપણાની ચકાસણી ઓડિટથી થઇ શકેલ નથી.

(૫) ઉકત ખરીદી માટે અંદાજપત્રમાં કોઇ જોગવાઇ થયેલ હતી કે કેમ તેમજ પ્રોજેક્ટ ખર્ચમાં સમાવેશ થયેલ હતો કે કેમ તે બાબતની ખાત્રી થઈ શકેલ નથી.

-સંસ્થાએ પ્રાથમિક વાંધા નં.૫ ના જવાબમાં વાઉચર સાથે ત્રણ ભાવ તુલનાત્મક પત્રક તેમજ જાહેરાતનું કટીંગ રજૂ કરેલ પરંતુ થયેલ ખરીદીની પ્રક્રિયા અંગે તેમજ વિભાગ પાસેથી મૂળ ફાઈલ રજૂ કરેલ ન હોઈ જવાબને ગ્રાહ્ય રાખવામાં આવેલ નથી.

વાંધા પાત્ર રકમ: ૬૧,૯૬,૭૭૯.૦૦

સદર : યુ.જી.સી ગ્રાન્ટ

ફકરા નં-૬

==========================================================

## ગ્રાન્ટ સિલકો ઉધાર અને જમા રહેવા બાબત

==========================================================

ગુજરાત યુનિવર્સિટી,અમદાવાદના ૨૦૧૫-૧૬ના ઓડિટ દરમ્યાન સંસ્થાએ આપેલ અનુદાન ફંડ આવક –ખર્ચ પત્રકની ચકાસણી કરતાં, ઓડિટ વર્ષમાં સંસ્થાને સામેલ પરિશિષ્ટ-૧ મુજબ ગ્રાન્ટ આવક અને ખર્ચ થયેલ હોવાનુ જણાયેલ છે.

સંસ્થાને મળેલ અગાઉના વર્ષોની વણવપરાયેલ ગ્રાન્ટ, ઓડિટ વર્ષમાં મળેલ ગ્રાન્ટ અને કરેલ ખર્ચ તથા બચત રહેલ ગ્રાન્ટ સંદર્ભમાં ઓડિટ અવલોકન નીચે મુજબ છે.

(૧) ગુજરાત નાણાકીય નિયમો-૧૯૭૧ ના નિયમ ૧૫૩ હેઠળ નોંધ ૧૨, ૧૩(૨)(ગ) તેમજ નિયમ ૧૫૪ મુજબ અનુક્રમે ફોર્મ નં.૪૦, ૪૧ અને ૪૩ મુજબ રજિસ્ટર નિભાવવા જણાવેલ છે. જે મુજબ સંસ્થા દ્વારા રજિસ્ટર નિભાવવામાં આવેલ નથી. સદર રજિસ્ટર નિભાવેલ ન હોવાથી ગ્રાન્ટ કયા વર્ષમાં મળેલ હતી, ગ્રાન્ટનો હેતુ મુજબ ખર્ચ થયેલ છે કે કેમ તેમજ ગ્રાન્ટ હેતુ પૂર્ણ થયેથી બચત રકમ સરકારશ્રીમાં પરત કરવામાં આવેલ છે કે કેમ તે જાણી શકાયેલ નથી.

(૨) ગુજરાત નાણાકીય નિયમો-૧૯૭૧ ના નિયમ ૧૫૪(૫)(૧)(૨) ની નોંધ મુજબ દરેક ગ્રાન્ટ નીચે જણાવેલ ગર્ભિત શરતોને આધિન છે. સત્તા ધરાવતા અધિકારીશ્રીએ કોઈ સમય મર્યાદા ઠરાવી ન હોય તો ગ્રાન્ટ સંબંધિત હેતુ માટે ગ્રાન્ટ મંજૂર કરતો પત્ર મોકલ્યા તારીખથી એક વર્ષની અંદર ખર્ચ કરવાનો હોય છે. આ હેતુ અંગે ખર્ચમાં છેવટે જરૂરી ન હોય તેવી ગ્રાન્ટની રકમનો કોઈ ભાગ સરકારશ્રીને વિધિસર સોંપી દેવાની જવાબદારી છે. સંસ્થાએ રજૂ કરેલ ગ્રાન્ટના પત્રકો મુજબ સને ૨૦૧૫-૧૬ પહેલાની બચત ગ્રાન્ટ પરિશિષ્ટ-૧ ની કોલમ નં.૩ મુજબ રૂ.રૂ.૮,૫૨,૯૭,૧૦૫.૯૩ જમા કરાવેલ નથી તેમજ ગુજરાત નાણાકીય નિયમો-૧૯૭૧ ના નિયમ ૧૫૪(૨), ૫(૨) મુજબ ગ્રાન્ટ એડજસ્ટ કરેલ છે કે કેમ તે પણ જાણી શકાયેલ નથી.

સંબંધિત ગ્રાન્ટ મંજૂર કરતી એજન્સી જે કામો કે હેતુ માટે ગ્રાન્ટ મંજૂર કરેલ છે તે એજન્સીઓ ગ્રાન્ટનો પૂરેપરો અને સમયસર વપરાશ કરે નહી તો તે યોજનાના/કામ નિયત સમયમર્યાદામાં પૂર્ણ થઇ શકે નહી. ઉપરોક્ત ગ્રાન્ટ સમયમર્યાદામાં વપરાશ નહી થવાના કારણો ઓડિટને રજૂ કરેલ નથી.

નાણાકીય વર્ષના અંતે વણવપરાયેલ ગ્રાન્ટ સામાન્ય રીતે મંજૂર કરનાર સરકાર/એજન્સીને પરત કરવાની રહે છે. સામેલ પરિશિષ્ટ-૧ મુજબ જેટલી ગ્રાન્ટ સંબંધિત સરકાર/એજન્સીને પરત જમા નહી કરાવવા થકી ઉક્ત એજન્સીઓ સદરહુ ગ્રાન્ટનો અન્ય આવશ્યકતાવાળી સંસ્થાઓને યોગ્ય પ્રમાણમાં ગ્રાન્ટ આવી ન શકે તે બાબત સ્વાભાવિક છે. આમ, દર્શાવેલ ગ્રાન્ટનો અન્ય આવશ્યકતાવાળી સંસ્થાઓને યોગ્ય પ્રમાણમાં ગ્રાન્ટ ફાળવી શકે તે બાબત પણ સ્વાભાવિક છે.

આમ, દર્શાવેલ ગ્રાન્ટ નિયત સમયમર્યાદામાં સંબંધિત એજન્સીઓ/સરકારશ્રી ને પરત નહીં કરવા અંગે જવાબદારથી સ્પષ્ટતા કરેલ નથી.

(૪) ઉપરોક્ત ગ્રાન્ટ પૈકી યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનની માઈનસ ( - ) સિલકો રહેવા પામેલ છે. ગ્રાન્ટ મંજૂરીના હુકમોની જોગવાઈ અનુસાર મળેલ ગ્રાન્ટ કરતાં વધુ ખર્ચ કરી શકાતો નથી. તેમ છતાં વધુ ખર્ચ કરવા અંગે આધારસહ સ્પષ્ટતા કરવામાં આવેલ નથી.

(૫) ઉક્ત નિયમો અનુસાર ગ્રાન્ટ નિયત હેતુ માટે વાપરવાની હોવા છતા ગ્રાન્ટ ફાળવનાર અધિકારીની મંજુરી લીધા સિવાય સંસ્થા દ્વારા બચત ગ્રાન્ટની રકમ ઇ.સી. કમિટી ના ઠરાવ નં૨(૫૭) તા ૧૪/૦૭/૨૦૧૭થી EDRF ખાતે લઇ જવા બાબતે સંસ્થા દ્વારા આધારસહ સ્પષ્ટતા કરેલ નથી.

(૬) સંસ્થા દ્વારા ગ્રાન્ટ સેકશન દ્વારા રજુ કરવામાં આવેલ પત્રકો હિસાબોમાં રાજય સરકાર પાસેથી કુલ રૂ.૫૮,૫૭,૬૭,૨૨૯.૧૦ આવક થયેલ છે. જ્યારે વાર્ષિક હિસાબ મુજબ રૂ.૫૯,૬૯,૧૭,૮૫૪.૧૦ દર્શાવેલ છે. એ જ રીતે ગ્રાન્ટ સેકશન દ્વારા રજૂ કરેલ પત્રકોમાં રૂ.૪૫,૫૦,૩૮,૦૦૮.૭૩ વર્ષ દરમિયાન કરેલ ખર્ચ દર્શાવેલ છે અને વાર્ષિક હિસાબ મુજબ રૂ.૪૬,૬૯,૪૦,૦૧૩.૭૩ દર્શાવેલ છે. આમ, વાર્ષિક હિસાબમાં આવકમાં રૂ.૧,૧૧,૫૦,૬૨૫ અને ખર્ચમાં રૂ.૧,૧૯,૦૨,૦૦૫ વધારે દર્શાવેલ છે. પત્રક અને વાર્ષિક હિસાબની ચકાસણી કરતા શિષ્યવૃતિની રકમો પત્રકમાં દર્શાવેલ નથી. ગ્રાન્ટ શાખા અને હિસાબી શાખાના હિસાબોનું મેળવણુ કરી યોગ્ય હિસાબ રજૂ કરેલ નથી.

**-સંસ્થાએ પ્રાથમિક વાંધા નં.૦૯ ના જવાબમાં જણાવેલ છે કે સંબંધિત ગ્રાન્ટ મંજૂર કરતી સરકાર/એજન્સીની ગાઈડલાઈન્સ મુજબ ગ્રાન્ટ પ્લાન ગ્રાન્ટ છે અને આગામી વર્ષોમાં ગ્રાન્ટ સંપૂર્ણપણે વપરાયેલ છે. જે પ્રાથમિક વાંધા સાથે સુસંગત ન હોઈ ગ્રાહ્ય રાખવામાં આવેલ નથી.**

## ગ્રાન્ટ સિલકો ઉધાર અને જમાની વિગત દર્શાવતુ પરિશિષ્ટ-૧

| ક્રમ | વિગત | તા.૦૧/૦૪/૨૦૧૫ ના રોજ ઉઘડતી સિલક | વર્ષ ૨૦૧૫-૧૬ દરમ્યાન મળેલ ગ્રાન્ટ | કુલ ગ્રાન્ટ | વર્ષ ૨૦૧૫-૧૬ દરમ્યાન કરેલ ખર્ચ | તા.૩૧/૦૩/૨૦૧૬ ના રોજ બંધ સિલક |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | રાજ્ય સરકાર | ૭,૩૧,૦૫,૬૦૪.૨૪ | ૫૮,૫૭,૬૭,૨૨૯.૧૦ | ૬૫,૮૮,૭૨,૮૩૩.૩૪ | ૪૫,૫૦,૩૮,૦૦૮.૭૩ | ૨૦,૩૮,૩૪,૮૨૪.૬૧ |
| ૨ | મધ્યસ્થ સરકાર | ૮૦,૧૩,૮૯૩.૪૫ | ૨,૩૬,૯૨,૦૪૦.૬૮ | ૩,૧૭,૦૫,૯૩૪.૧૩ | ૨,૫૮,૫૯,૬૬૭.૭૭ | ૫૮,૪૬,૨૬૬.૩૬ |
| ૩ | યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (ન્યુ દિલ્હી) | (-)૧,૩૪,૭૧,૧૮૬.૩૨ | ૫,૦૦,૪૯,૫૦૭.૦૨ | ૩,૬૫,૭૮,૩૨૦.૭૦ | ૬,૭૧,૪૧,૯૧૧.૬૨ | (-)૩,૦૫,૬૩,૫૯૦.૯૨ |
| ૪ | અન્ય ગ્રાન્ટ | ૪૧,૭૭,૬૦૮.૨૪ | ૨૯,૯૨,૫૭૬.૫૦ | ૭૧,૭૦,૧૮૪.૭૪ | ૫૮,૨૫,૫૭૦.૪૦ | ૧૩,૪૪,૬૧૪.૩૪ |
| | કુલ | ૭,૧૮,૨૫,૯૧૯.૬૧ | ૬૬,૨૫,૦૧,૩૫૩.૩૦ | ૭૩,૪૩,૨૭,૨૭૨.૯૧ | ૫૫,૩૮,૬૫,૧૫૮.૫૨ | ૧૮,૦૪,૬૨,૧૧૪.૩૯ |

## પ્રમાણપત્ર અને ઉપસંહાર

(૧) ગુજરાત યુનિવર્સિટીએ રજુ કરેલ અનુદાન પત્રક, રજુ કરેલ રજીસ્ટર અને પત્રકો સાથે ચકાસણી કરવામાં આવેલ. પરંતુ વાર્ષિક હિસાબમાં સામેલ રાખેલ પત્રકોમાં તફાવત આવે છે.

(૨) આ ઓડિટ નોંધમાં આગળ દર્શાવેલ ફકરાઓમાં જણાવેલ ટીકાઓને આધીન રહીને પ્રમાણિત કરવામાં આવે છે કે ઓડિટ નોંધપત્રકમાં દર્શાવેલ યુનિવર્સિટીને ચુકવવામાં આવેલ અનુદાન સંબંધિત અનુદાનની શરતોને આધીન ચકાસવામાં આવ્યા હતા અને ટીકાઓને આધીન જે હેતુ માટે મંજુર કરવામાં આવી હતી તે હેતુઓ માટે ઉપયોગમાં લેવાયેલ હોવાનું માલુમ પડયુ હતું.

(૩) ગુજરાત સ્થાનિક ભંડોળ હિસાબ અધિનિયમ ૧૯૬૩ની કલમ-૯(૧) મુજબ ઓડિટ અહેવાલ મળ્યા તારીખથી ચાર માસની અંદર ત્રણ નકલમાં પંચાયતમાં ઠરાવ સહ પૂર્તતા અહેવાલ આ કચેરીને સાદર કરવાનો રહેશે. જો તેમાં ચુક થશે તો ઓડિટ અહેવાલમાં કરેલ વાંધાઓ અંગેની હકીકત સ્વીકાર્ય છે તેમ માની લેવામાં આવશે.

(૪) નાના વાંધાઓનું પત્રક નિભાવેલ નથી.

ઓડિટર
સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી,
For Tech-2 જિલ્લો-અમદાવાદ

| | | | |
|---|---|---|---|
| સહાયક નિરીક્ષક<br>સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી,<br>જિ-અમદાવાદ. | નાયબ નિરીક્ષક<br>વિભાગીય નાયબ<br>નિરીક્ષકની કચેરી,<br>અમદાવાદ ઝોન. | સંયુકત નિરીક્ષક<br>સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી,<br>ગાંધીનગર. | નિરીક્ષક<br>સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી,<br>ગાંધીનગર |

**<u>નકલ સવિનય રવાના -:</u>**

(૧) સચિવશ્રી, શિક્ષણ વિભાગ, નવા સચિવાલય, ગુજરાત રાજય, ગાંધીનગર.

(૨) ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૩) યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન, નવી દિલ્હી.

(૪) સિનિયર ઓડિટર, [illegible] કમિટી, રાજકોટ.

## પત્રક-૧

### ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના સને ૨૦૧૫-૧૬ ના વર્ષમાં મધ્યસ્થ સરકાર તરફથી મળેલ ગ્રાન્ટ અને ખર્ચ/બચતનું પત્રક

| ક્રમ | મુખ્ય સદર | મુખ્ય સદરનું નામ | હેતુ | ઉઘડતી સિલક | મળેલ અનુદાન | કુલ અનુદાન (૫+૬) | યુનિવર્સિટીનો ખર્ચ | અન્ય સંસ્થાને ફાળવેલ | સરકારશ્રી માં પરત જમા રકમ | ખર્ચ કરવાની મુદ્દત | વિલંબનો સમય | વિલંબનું કારણ | વૈકલ્પિક વ્યવસ્થા અંગે થયેલ ખર્ચ | કુલ ખર્ચ (૮+૯+૧૦) | બંધ સિલક (૭-૧૫) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ |
| ૧ | | | | ૭,૯૨,૦૭૩.૩૩ | ૨,૮૨,૦૫,૯૭૨.૦૯ | ૨,૮૯,૯૮,૦૪૫.૪૨ | ૨,૫૬,૦૨,૨૯૫.૬૪ | - | - | ૩ થી ૫ વર્ષ | - | - | - | ૨,૫૬,૦૨,૨૯૫.૬૪ | ૩૩,૯૫,૭૪૯.૭૮ |

### ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના સને ૨૦૧૫-૧૬ ના વર્ષમાં ગુજરાત સરકાર તરફથી મળેલ ગ્રાન્ટ અને ખર્ચ/બચતનું પત્રક

| ક્રમ | મુખ્ય સદર | મુખ્ય સદરનું નામ | હેતુ | ઉઘડતી સિલક | મળેલ અનુદાન | કુલ અનુદાન (૫+૬) | યુનિવર્સિટીનો ખર્ચ | અન્ય સંસ્થાને ફાળવેલ | સરકારશ્રી માં પરત જમા રકમ | ખર્ચ કરવાની મુદ્દત | વિલંબનો સમય | વિલંબનું કારણ | વૈકલ્પિક વ્યવસ્થા અંગે થયેલ ખર્ચ | કુલ ખર્ચ (૮+૯+૧૦) | બંધ સિલક (૭-૧૫) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ |
| ૧ | | | | ૩,૭૨,૮૩,૬૫૭.૬૭ | ૫૮,૭૮,૯૬,૩૬૪.૫૮ | ૬૨,૫૧,૮૦,૦૨૨.૨૫ | ૪૫,૬૫,૨૩,૮૧૭.૪૯ | - | - | ૩ થી ૫ વર્ષ | - | - | - | ૪૫,૬૫,૨૩,૮૧૭.૪૯ | ૧૬,૮૬,૫૬,૨૦૪.૭૬ |

## ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના સને ૨૦૧૫-૧૬ ના વર્ષની યુ.જી.સી.ની ગ્રાન્ટ અને ખર્ચ/બચતનું પત્રક

| ક્રમ | મુખ્ય સદર | મુખ્ય સદરનું નામ | હેતુ | ઉઘડતી સિલક | મળેલ અનુદાન | કુલ અનુદાન (૫+૬) | યુનિવર્સિટી નો ખર્ચ | અન્ય સંસ્થાને ફાળવેલ | સરકારશ્રી માં પરત જમા રકમ | ખર્ચ કરવાની મુદ્દત | વિલંબ નો સમય | વિલંબ નું કારણ | વૈકલ્પિક વ્યવસ્થા અંગે થયેલ ખર્ચ | કુલ ખર્ચ (૮+૯+ ૧૦) | બંધ સિલક (૭-૧૫) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ |
| ૧ | | | | - ૬,૨૨,૨૨,૪૧૦.૮૮ | ૪,૮૮,૨૯,૬૩૦.૬૨ | - ૧,૩૩,૯૨,૭૮૦.૨૬ | ૪,૮૯,૦૮,૮૦૨.૨૮ | - | - | ૩ થી ૫ વર્ષ | - | - | - | ૪,૮૯,૦૮,૮૦૨.૨૮ | - ૬,૨૩,૦૧,૫૮૨.૫૪ |

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના સને ૨૦૧૫-૧૬ ના વર્ષની અન્ય સંસ્થા તરફથી મળેલ ગ્રાન્ટ અને ખર્ચ/બચતનું પત્રક

| ક્રમ | મુખ્ય સદર | મુખ્ય સદરનું નામ | હેતુ | ઉઘડતી સિલક | મળેલ અનુદાન | કુલ અનુદાન (૫+૬) | યુનિવર્સિટી નો ખર્ચ | અન્ય સંસ્થાને ફાળવેલ | સરકાર શ્રીમાં પરત જમા રકમ | ખર્ચ કરવા ની મુદ્દત | વિલંબ નો સમય | વિલંબ નું કારણ | વૈકલ્પિક વ્યવસ્થા અંગે થયેલ ખર્ચ | કુલ ખર્ચ (૮+૯+૧૦) | બંધ સિલક (૭-૧૫) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ |
| ૧ | | | | ૩૧,૩૨,૯૫૧ | ૨૯,૮૯,૯૨૨ | ૬૧,૨૨,૮૭૩ | ૫૧,૧૭,૦૭૮ | - | - | ૩ થી ૫ વર્ષ | - | - | - | ૫૧,૧૭,૦૭૮ | ૧૬,૩૭,૭૩૧.૩૯ |

ઓડિટર
સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી,
અમદાવાદ

For Tech-2

સહાયક નિરીક્ષક
સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી,
અમદાવાદ

પત્રક-૨

**ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના સને ૨૦૧૫-૧૬ ના ઓડિટ વર્ષ દરમિયાન ઓડિટ દ્વારા વાંધા હેઠળ રાખેલ રકમની વિગત દર્શાવતુ પત્રક (ચાલુ વર્ષના ઓડિટનું પત્રક)**

| ક્રમ | મુખ્ય સદર | મુખ્ય સદરનું નામ | ફકરા નંબર | ઓડિટ વાંધા હેઠળ રાખેલ રકમ | રિમાર્કર્સ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | | કે સી જી ગ્રાન્ટ | ૨ | ૬૦,૪૭,૪૮૯.૦૦ | |
| ૨ | | કે સી જી ગ્રાન્ટ | ૩ | ૩૪,૮૧,૨૮૮.૦૦ | |
| ૩ | | ઈક્વિપમેન્ટ ગ્રાન્ટ | ૫ | ૬૧,૯૬,૭૭૯.૦૦ | |
| | | | કુલ | ૧,૫૭,૨૫,૫૫૬.૦૦ | |

ઓડિટર
સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી,
For Tech 1-2 અમદાવાદ

સહાયક નિરીક્ષક
સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી,
અમદાવાદ

પત્રક-૩

## ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના સને ૨૦૧૫-૧૬ ના ઓડિટ વર્ષ દરમિયાન કરાયેલ સદરવાર વસુલાતપાત્ર રકમની વિગત દર્શાવતુ પત્રક

| ક્રમ | ઓડિટ વર્ષ | ફકરા નંબર | ઓડિટ દ્વારા સુચવેલ રકમ | ઓડિટ વર્ષ દરમિયાન થયેલ વસુલાત | બાકી વસુલાત |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | ૨૦૧૫-૧૬ | ૨ | ૬૦,૪૭૮.૦૦ (ટેસ્ટીંગ ફી) | ૦ | ૬૦,૪૭૮.૦૦ (ટેસ્ટીંગ ફી) |
| ૨ | | | ૬૦,૪૭૮.૦૦ (લેબર શેષ) | ૦ | ૬૦,૪૭૮.૦૦ (લેબર શેષ) |
| ૩ | | | ૬૦,૪૭૮.૦૦ (વિલંબ વળતર) | ૦ | ૬૦,૪૭૮.૦૦ (વિલંબ વળતર) |
| ૪ | | ૩ | ૩૪,૮૧૩.૦૦ (ટેસ્ટીંગ ફી) | ૦ | ૩૪,૮૧૩.૦૦ (ટેસ્ટીંગ ફી) |
| ૫ | | | ૩૪,૮૧૩.૦૦ (લેબર શેષ) | ૦ | ૩૪,૮૧૩.૦૦ (લેબર શેષ) |
| | | કુલ | ૨,૫૧,૦૬૦.૦૦ | ૦ | ૨,૫૧,૦૬૦.૦૦ |

ઓડિટર
સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી,
For Tech 1-2 અમદાવાદ

સહાયક નિરીક્ષક
સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી,
અમદાવાદ

પત્રક-૮

## ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના સને ૨૦૧૫-૧૬ ના ઓડિટ વર્ષ દરમિયાન ગ્રાન્ટના હેતુ માટે અમાન્ય કરાયેલ રકમની વિગત દર્શાવતુ પત્રક

| ક્રમ | મુખ્ય સદર | મુખ્ય સદરનું નામ | ફકરા નંબર | અમાન્ય કરેલ રકમ |
| --- | --- | --- | --- | --- |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| --- શૂન્ય --- | | | | |

ઓડિટર
સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી,
અમદાવાદ

સહાયક નિરીક્ષક
સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી,
અમદાવાદ